## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સરકારી યોજનામાં સહાયભુત થાવ છો ? તેના જવાબમાં... તમે છ છોકરીને જન્મ આપ્યો છે.. અને બેટી બચાવો અભિયાનને આગળ ધપાવ્યું છે... એ માન્ય ન ગણાય...!!

# કડી કેમ્પસની વિદ્યાર્થિનીઓએ ફેશન ડીઝાઈનીંગના અદ્ભુત નમુના રજુ કર્યા

ગાંધીનગર તા ૨૧

ઘણીવાર મહીલાઓને પગભર થવામાં સામાજિક દ્રષ્ટીએ ઈગો તેમજ સમાજના બંધનો આડા આવતા હોય છે. ત્યારે અભ્યાસની સાથે વિદ્યાર્થીકાળથી તેમને અન્ય વિષયોમાં પણ તાલીમ મળે તે જરૂરી બન્યુ છે. જેને ધ્યાને લઈ કડી કેમ્પસમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને શિક્ષણની સાથે પોતાના રસ રૂચિની પ્રવૃતિઓમાં પણ પ્રોત્સાહન મળે તેવા પ્રયાસો કરવામાં આવી રહયા હોવાનુ કડી સર્વ વિધાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલે જણાંવ્યુ હતુ. સંસ્થાની હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીનિઓ દ્વારા ફેશન ડીઝાઈનીંગના કોર્ષના અંતે તૈયાર કરેલા ડિઝાઈનર ડ્રેસીઝના પ્રદર્શનનો આજે શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં સંસ્થાની ૭૦ જેટલી વિદ્યાર્થિનીઓએ તૈયાર કરેલા ડિઝાઈનર ડ્રેસીસના કલાત્મક નમુનાઓ નિહાળી સૌ કોઈ દંગ રહી ગયા હતા.આ તબક્કે સંસ્થાના ચેરમેને આ પ્રવૃતિને બિરદાવી વધુ પ્રોત્સાહીત કરવા માટે પણ તૈયારી દર્શાવી હતી.

**ફેશન ક્રીએશનનો પ્રારંભ : મહીલાઓને સામાજિક દ્રષ્ટીએ બંધનો નડતા હોય ત્યારે આ પ્રકારના કોર્ષ શોખની સાથે આવકના સાધન માટે પણ ઉપયોગી બને છે : વલ્લભભાઈ**



સે-૨૩ કડી સર્વ વિદ્યાલયમાં હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતી વિદ્યાર્થીનિઓ દ્વારા ફેશન ડિઝાઈનીંગના કોર્ષમાં તાલીમ લીધા બાદ વિવિધ પ્રકારની ડીઝાઈનના કલાત્મક ડ્રેસીઝ તૈયાર કર્યા છે. જેમાં ડ્રેસ ઉપરાંત ચણિયાચોળી,વેસ્ટર્ન ફ્રોક,ડીઝાઈનર કુર્તી સહીતના ડ્રેસીસ જાતે ડીઝાઈન કર્યા છે. આ ફેશન ડીઝાઈનીંગની આર્ટને આજે પ્રદર્શન રૂપે ખુલ્લી મુકવામાં આવી હતી. એસ વી ફેશન ક્રીએશનના ઉદઘાટન પ્રસંગે નિફટના આશિષ્ટન્ટ પ્રોફેસર ઈતિશ્રી રાજપુત,ફેશન ડીઝાઈનર અમી લાંગલીયા ઉપસ્થિત રહયા હતા.

આ તબક્કે સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલે હોસ્ટેલના સુપ્રિટેન્ડેન્ટ કૌશલ્યાબેન પટેલની ફરજ નિષ્ઠાને બિરદાવી હતી. તેમણે જણાંવ્યુ હતુ કે આ અભ્યાસક્રમના આધારે વિદ્યાર્થિનીઓને ભવિષ્યમાં પગભર થવામાં પણ સરળતા રહેશે. તેમની ગમતી પ્રવૃતિના લીધે સર્જનશકિત પણ નિખરે છે. ફેશન ડિઝાઈનીંગના ફેકલ્ટી ભુમિ પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીનીઓએ આ ડ્રેસીઝ તૈયાર કર્યા છે.

## ખૂણે ખાંચરેથી...

● સ્પીકર્સ કોન્ફરન્સમાં વિધાનસભાના બે હયાત પૂર્વ અધ્યક્ષો શ્રી ગુમાનસિંહ વાઘેલા અને શ્રી વજુભાઈ વાળા ખાસ ઉપસ્થિત રહેનાર છે.

● સ્પીકર્સ કોન્ફરન્સ નિમિત્તે વિધાનસભામાં સંવિધાનને લઈ યોજાયેલ વિશેષ પ્રદર્શનની સાથે સાથે ગુજરાતના પ્રસિદ્ધ ચિત્રકાર મોહસીન શેખના ચિત્રો ગુજરાતની સંસ્કૃતિ પરના મુકાશે.

● સ્પીકર્સ કોન્ફરન્સને લઈ બીજા અને ત્રીજા માળની ચેમ્બરો ખાસ કરીને મુખ્યમંત્રીશ્રીની, વિપક્ષના નેતાની, અધ્યક્ષશ્રીની, ઉપાધ્યક્ષની, દંડકની તેમજ નીતિન પટેલ, નાનુભાઈ વાનાણી સહિતની ચેમ્બરો લોકસભા સચિવાલયને તબદીલ કરવામાં આવી છે.

● સ્પીકર્સ કોન્ફરન્સને લઈ પાંચ હજાર કિલો ફૂલોથી સુશોભન કરવામાં આવશે.

● સ્પીકર્સ કોન્ફરન્સમાં ૭૦ અધ્યક્ષશ્રી/ઉપાધ્યક્ષશ્રી સહિત ૩૫૦થી વધુ અધિકારીઓ અને મહેમાનો ઉપસ્થિત રહેવાના છે.

● સચિવાલય સંકુલમાં આજે જિલ્લા વિકાસ અધિકારીઓની કોન્ફરન્સ યોજાઈ હતી.

● ગાંધીનગર શહેરમાં ઠંડીના ચમકારાને પગલે વોકર્સ અને રનર્સમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# 'ઘર દિવડા યોજના' માટે વાર્ષિક આવક મર્યાદાના ધોરણોમાં સુધારો

શ્રીમતી આનંદીબહેન પટેલે રાજ્યમાં નિયત વાર્ષિક આવક ધરાવતા પરિવારોની મહિલાઓના આર્થિક વિકાસ માટેની 'ઘર દિવડા યોજના'નો લાભ મેળવવાની આવકર્યાદામાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. શ્રીમતી આનંદીબહેનના આ મહિલા કલ્યાણલક્ષી નિર્ણયના ફળસ્વરૂપે આ યોજનાનો લાભ લેવા માટે ગ્રામીણ વિસ્તારની મહિલાઓની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૪૭ હજાર એ શહેરી વિસ્તાર માટે રૂ. ૬૮ હજાર કરવામાં આવી છે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે આ 'ઘર દિવડા યોજના' હેઠળ ઉદ્યોગ, ધંધા અને સેવા ક્ષેત્ર માટે ૧૮ થી ૫૦ વર્ષની વયની નારીશક્તિને એન્જીનીયરીંગ, કેમીકલ્સ, ચર્મ ઉદ્યોગ, ખનિજ, પ્લાસ્ટીક, ખાદ્યપદાર્થ, પેપર પ્રિન્ટીંગ અને હસ્તકલા, જંગલ પેદાશ, ડેરી આધારિત વગેરે મળી કુલ ૨૧૭ પ્રકારના વિવિધ વ્યવસાયો માટે મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા લોન અંગેની ભલામણો કરવામાં આવે છે.



ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ''સોશીયલ કન્ડીશનીંગ ફેર સોશીયલ એમ્પાવરમેન્ટ'' વિષય પર એક દિવસનો પરિસંવાદ યોજાયો હતો. ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીના ઈન્સ્ટીટ્યુટ ઓફ બીહેવીયરલ સાયન્સ, ગુજરાત રાજ્યના સમાજીક ન્યાય અને અધિકારીના વિભાગ અને બાળ સંરક્ષણ સોસાયટીના ઉપક્રમે આ એક દિવસીય પરીસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એડી. ચિફ સેક્રેટરી એમ.એસ. ડાગુર, આઈપીએસ અધિકારી અનિલ પ્રથમ અને બાળ સંરક્ષણ સોસાયટીમાં નવ નિયુક્ત થયેલા ચેરમેન જાગૃતિબેન પંડ્યા સહીતના અધિકારી-પદાધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

## સમર્પણ આર્ટસ કોલેજ ખાતે ગાંધી જીવન દર્શન વિશે વાર્તાલાપ યોજાશે

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરના ઉપક્રમે તા. ૨૩મી જાન્યુઆરીને શનિવારે સવારે ૯.૦૦ કલાકે સમર્પણ આર્ટસ કોલેજ, સેકટર-૮ ખાતે સંસ્થાના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી દ્વારા ગાંધી જીવન દર્શન વિશે વાર્તાલાપ કરવામાં આવશે અને તમામ વિદ્યાર્થીઓને ગાંધીજીની આત્મકથા ભેટ આપવામાં આવશે. આ વાર્તાલાપમાં નગરના સર્વે ગાંધી મિત્રોને હાજર રહેવા સંસ્થાના મંત્રી સોમાભાઈ પરમારે જણાવ્યું છે.

## ખેતરમાં જઈ ઉનાવાના વૃધ્ધનો દવા પી લઈ આપઘાતનો પ્રયાસ

ગાંધીનગર નજીક આવેલા ઉનાવા ગામમાં રહેતા ૬૨ વર્ષીય વૃદ્ધે કોઈ અગમ્ય કારણોસર પોતાના ખેતરમાં જઈ વહેલી સવારે ઝેરી દવા ગટગટાવી લઈ આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે. તાત્કાલીક ગંભીર હાલતમાં વૃધ્ધને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. હજુ પણ વૃધ્ધ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. હજુ પણ વૃદ્ધ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ બનાવ અંગે પેથાપુર પોલીસે જાણવા જોગ લઈ તપાસ શરુ કરી છે.

# કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્જરી દ્વારા મુંગા બાળકો બોલતા થશે

ગાંધીનગર, તા. ૨૧

બોલવાની તેમજ સાંભળવાની તકલીફવાળા બાળકો માટે ગાંધીનગર સિવિલમાં તબીબી સવલતો ઉભી કરવામાં આવી છે. હવેથી બહેરા - મુંગા બાળકો માટે ગાંધીનગર સિવિલમાં કોકલીયર કોકલીયર ઈમ્પ્લાન્ટના ઓપરેશન દ્વારા બાળદર્દીઓ બોલતા તેમજ સાંભળતા થાય તેવી તબીબી સુવિધા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઉપલબ્ધ કરવામાં આવી છે. શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દરમિયાન આ પ્રકારની તકલીફ ધરાવતા

**પાંચ લાખથી વધુની સારવાર ગાંધીનગર સિવિલમાં વિનામૂલ્યે**



સર્જરી વિનામુલ્યે કરવામાં આવશે. આ સારવારથી વર્ષોથી બહેરા તેમજ મુંગા બાળકો સાંભળી અને બોલી પણ શકશે. જો કે આ સર્જરીનો અંદાજીત ખર્ચ પાંચ લાખ રુપીયા જેટલો થવા જાય છે. ગાંધીનગર સિવિલમાં કડી તેમજ વિજાપુર તાલુકાના થઈને બે બાળકોને કોકલીયર ઈમ્પ્લાન્ટ ઓપરેશન નિષ્ણાંત તબિબોની ટીમ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું છે.

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બાળકોને નિશુલ્ક ઉતમ તબીબી સારવાર તે ઉમદા હેતું થી શાળા આરોગ્ય કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત વર્ષોથી બહેરાશ તેમજ મુંગા પણાની તકલીફથી પીડાતા બાળદર્દીઓને નાક,કાન,ગળાના નિષ્ણાંત તબીબો દ્વારા ઘનિષ્ઠ સારવાર સાથે બાળદર્દીઓને જો કોકલીયર ઈમ્પ્લાન્ટ સારવારની જરુરીયાત જણાય તો તે સેવા નિશુલ્ક પુરી પાડવા રાજ્ય સરકાર તરફથી રુ.૫૦ લાખની ગ્રાન્ટ ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલને આપવામાં આવી છે.

આ ગ્રાન્ટ અંતર્ગત તા. ૧૮ મી જાન્યુંઆરીના રોજ નાક-કાન-ગળાની નિષ્ણાંત ડોકટર નિરજ સુરી અને તબીબોની ટીમ દ્વારા કડી તાલુકાના કોયડા ગામની પાંચ વર્ષીય અંજલી ભરતભાઈ ઠાકોર તેમજ વિજાપુર તાલુકાના પટવા વાસના દોઢવર્ષીય ઝીંકરા મોઈજભાઈ વોરાની સફળતા પૂર્વક કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્જરી કરવામાં આવી છે. આ ઓપરેશન દરમિયાન બાળકને તબીબી સારવાર સાથે જરુરી દવા તથા અન્ય સામગ્રી વિના મુલ્યે પુરી પાડવામાં આવશે.

## રાજયપાલશ્રીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૧

ભારતીય ચુંટણી પંચ દ્વારા આગામી તા. ૨૫મી જાન્યુઆરીએ રાષ્ટ્રીય મતદાતા દિવસની ધામધૂમથી ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે રાજયપાલ ઓમ પ્રકાશ કોહલીની ઉપસ્થિતિમાં મતદાતા દિવસની ઉજવણી કરાશે.

દર વર્ષે ૨૫મી જાન્યુઆરીએ રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવાય છે. રાજયના ચુંટણી પંચ દ્વારા આ દિવસે સવારે ૧૧ કલાકે મહાત્મા મંદિરના સેમિનાર હોલ-૧ ખાતે ઉજવણી કાર્યક્રમ આયોજિત કર્યો છે આ કાર્યક્રમમાં ગુજરાતના રાજયપાલ ઓમપ્રકાશ કોહલી સમારંભના પ્રમુખપદે ઉપસ્થિત રહેશે.

# માણેકબા વિનય વિહાર ગૌશાળામાં કાંકરેજ ગાય અંગેનું સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૧

શ્રીમતી માણેકબા વિનય વિહાર ગૌશાળા ખાતે તાજેતરમાં ''કાંકરેજ ગાય આપણે આંગણે'' વિષય અંતર્ગત સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગોસંવર્ધન વિભાગના સચિવ મોનાબેન ખંધાર, વિયન વિહાર અડાલજના ટ્રસ્ટી સૌભાગ્યચંદ કે. શાહ, સંસ્થાના સેક્રેટરી બિપીનભાઈ શાહ, સંસ્થાના નિયામક કુલજીભાઈ પટેલ, સરકારી આયુર્વેદિક હોસ્પિટલના ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ, રજીસ્ટ્રાર ગુજરાત વેટરનરી કાઉન્સિલના પોષકભાઈ પટેલ, જળક્રાંતિના સહયોગી પ્રફુલ્લભાઈ, માણેકબા પીટીસી કોલેજના આચાર્યાબેન સુરેખાબેન ચૌધરી તેમજ પોર ગામના ફલોટેક પંપના ડીસ્ટ્રીબ્યુટર રમેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અડાલજ તેમજ આજુબાજુ ગામોના અગ્રગણ્ય લોકો, સરપંચ, ગોપાલકો વિનય વિહારની તાલીમાર્થી બહેનો અને વિદ્યાર્થીઓ પણ હાજર રહ્યા હતા.

આ તબક્કે મનસુખભાઈ સુવાગિયાએ તેમના વક્તવ્ય દરમિયાન લુપ્ત થતા ભારતીય દેશી ગીર અને કાંકરેજ ગોવંશની રક્ષા, ગાય આધારિત કૃષિ, શ્રેષ્ઠ વનસ્પતિઓનું જતન અને ભારતીય વારસાનુ જતન કરી દેશને ક્રાંતિવાન અને બળવાન બનાવવાની હિમાયત કરી હતી. સંસ્થાના ટ્રસ્ટીશ્રી સૌભાગ્યચંદભાઈએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતુ. મોનાબેને પણ જર્સી ગાયોને બદલે શુદ્ધ કાંકરેજી અને ગીર ગાયોના જતન તેમજ સંવર્ધનથી પુનઃ ભારતભૂમિને સ્વર્ગ જેવી બનાવવાના સુંદર વિચારો રજુ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પીટીસી કોલેજના અધ્યાપક મુકેશભાઈ વૈદ્યે કર્યુ હતુ.

## આજે ગીરનાર ચેનલ પર ડૉ. આંબેડકર આધારિત કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૧

જાણીતા લેખક-પત્રકાર-તંત્રી કિશોર મકવાણાની 'ડૉ. આંબેડકરનો સામાજિક સમતા માટેનો સંઘર્ષ' વિષય અંતર્ગત નટુભાઈ પરમારે મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો કાર્યક્રમ દૂરદર્શનની ગીરનાર ચેનલ પરથી તા. ૨૨મી જાન્યુઆરીને શુક્રવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે પ્રસારિત કરવામાં આવશે તેમજ આ કાર્યક્રમનું પુનઃ પ્રસારણ બપોરે ૨.૦૨ કલાકે પ્રસારિત કરાશે.







## બેટી-બચાવો, બેટી પઢાઓ રેલી યોજાઈ

નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે ઉજવણીના ભાગરૂપે સમાજમાં પુરૂષ અને સ્ત્રી વચ્ચેના વધતા જતા તફાવતની જાગૃતિ અર્થે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, બિલોદરાના ચરાડા ગામે 'બેટી બચાવો બેટી પઢાઓ' અંગે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કે.જી. હાઈસ્કૂલ ચં.ગો.મોદી પ્રાથમિક શાળા, ચરાડા પ્રાથમિક કન્યા શાળાની ૩૦૦ જેટલી દીકરીઓએ રેલીમાં ભાગ લીધો હતો. આ રેલીને તાલુકા હેલ્થ ઓફીસર, માણસા અને મેડીકલ ઓફિસર બિલોદરા દ્વારા આ રેલીને લીલી ઝંડી આપી હતી. આ રેલી ચરાડા ગામમાં 'બેટી બચાવો, બેટી ભણાવો'ના નાદ સાથે રવાના થઈ હતી. ચરાડા ગામમાં દીકરી બચાવોનો નારો આખી રેલી દરમ્યાન ગુંજતો રહ્યો હતો. મા. શાળાના શિક્ષકોએ સાથે રહી રેલીના આયોજનમાં સહકાર આપ્યો હતો.

## સે-૨ સરકારી પ્રાથમિક શાળામાં રમતોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૧

સેકટર-૨-ડી સ્થિત સરકારી પ્રાથમિક શાળા ખાતે પ્રજાસત્તાક દિન નિમિત્તે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સિનીયર સીટીઝન કાઉન્સીલ અને મહિલાપાંખ ગાંધીનગર દ્વારા વિવિધ રમતો રમાડવામાં આવી હતી. આ રમતોત્સવમાં વિજેતા થનાર બાળકોને ૧ થી ૩ ક્રમાંક આપી ઈનામોથી નવાજવામાં આવ્યા હતા તેમજ સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બાળકોને પ્રોત્સાહિત ઈનામ વિતરણ કરાયા હતા. આ રમતોત્સવમાં શાળાના આચાર્ય નીલાબેન પરમાર તેમજ મહિલા પાંખની બહેનો શર્મિષ્ઠાબેન દવે, સરોજબેન દેસાઈ, મીનાબેન શાહ, આશાબેન મહેતા, અનિલાબેન રાણા, દામિનીબેન લાખીયા, નીતાબેન ભટ્ટ હાજર રહ્યા હતા.



## સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે યુવા સપ્તાહની ઉજવણી

સ્વામી વિવેકાનંદજીની ૧૫૩મી જન્મ જયંતિ નિમિત્તે ગત ૧૨થી ૧૮મી જાન્યુઆરી સુધી સમગ્ર ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય યુવા સપ્તાહ તરીકે ઉજવણી કરવામાં આવી હતી. આ સપ્તાહ દરમિયાન શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ કેન્દ્રના અધ્યક્ષ રજનીકાંત ભટ્ટે ગત તા. ૧૨મી જાન્યુઆરીના રોજથી ગુજરાત વિદ્યાપીઠ સાદરા ખાતે આવેલ સૂક્ષ્મજીવ વિજ્ઞાન કોલેજ તેમજ મહાદેવ દેસાઈ ગ્રામ વિકાસ મહા વિદ્યાલય ખાતે તથા ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા, એલડીઆરપી ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી એન્ડ રીસર્ચ, કે.બી. ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસી અને મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહા વિદ્યાલય સાદરા ખાતે સ્વામી વિવેકાનંદના જીવન પ્રસંગો અંતર્ગત પ્રવચનો આપ્યા હતા. આ ઉપરાંત યુવા સપ્તાહ અંતર્ગત નિરમા યુનિવર્સિટી ખાતે ડિબેટ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં જજ તરીકે રજનીકાંત ભટ્ટે સેવાઓ આપી હતી.